RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 319, Dt.01-03-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોકસભા માટે ભાજપના ઉમેદવારોની પ્રથમ યાદી તૈયાર




## વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથસિંહ સહિત લગભગ ૧૫૫ લોકોના નામ સામેલઃ ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક ગઈકાલે મોડીરાત સુધી ચાલીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે બંધ બારણે કરી ચર્ચા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય જનતા પાર્ટી આજે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ સહિત લગભગ ૧૫૫ લોકોનાં નામ સામેલ હોવાની ચર્ચા છે.

પીએમ મોદી વારાણસી, અમિત શાહ ગાંધીનગર, રાજનાથ સિંહ લખનૌ, સ્મૃતિ ઈરાની અમેઠી, ધર્મેન્દ્ર પ્રધાન ઓડિશાના સંબલપુર, જ્યોતિરાદિત્ય સિંધિયા ગ્વાલિયર અથવા ગુના-શિવપુરી, શિવરાજ સિંહ ચૌહાણને ભોપાલ અથવા વિદિશા અને સંબિત પાત્રાને ઓડિશાના પુરીથી ટિકિટ આપવામાં આવી શકે છે.

આ ઉપરાંત ભિવાની બલ્લભગઢથી ભૂપેન્દ્ર યાદવ, ડિબ્રુગઢથી સર્બાનંદ સોનોવાલ, રાજૌરી-અનંતનાગથી રવિન્દ્ર રૈના, કોટાથી ઓમ બિરલા, ઉત્તર-પૂર્વ દિલ્હીથી મનોજ તિવારી, પશ્ચિમ દિલ્હીથી પરવેશ વર્મા અને આસનસોલથી ભોજપુરી ગાયક અને અભિનેતા પવન સિંહને મેદાનમાં ઉતારવામાં આવી શકે છે.

ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિની પ્રથમ બેઠક ગુરુવારે મોડી રાત સુધી દિલ્હીમાં બીજેપી હેડક્વાર્ટરમાં ચાલી હતી. આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સહિતના ટોચના નેતાઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત ભાજપ શાસિત રાજ્યોના સીએમ પણ બેઠકમાં ભાગ લેવા આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ બેઠક બાદ પાર્ટી લોકસભા ચૂંટણી માટે ૧૦૦થી ૧૨૦ સીટો માટે ઉમેદવારો જાહેર કરી શકે છે. બેઠક દરમિયાન નેતાઓએ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પાર્ટીએ ગુમાવેલી બેઠકો અંગે ચર્ચા કરી હતી.જે પ્રથમ ૧૦૦ નામની યાદી જાહેર કરવામાં આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે તેની અંદર ગુજરાતની પણ ચોક્કસ બેઠક પરના ઉમેદવારના નામનો સમાવેશ કરવામાં આવે તેવી સંભાવના છે. જો યાદીમાં ગુજરાતની બેઠકનો સમાવેશ થાય તો તેમાં વર્ષ ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ માટે નબળી સાબિત થયેલી વિધાનસભા બેઠક ધરાવતી હોય તેવા કલ્સ્ટર વાળી લોકસભા બેઠક પરના નામ જાહેર થઈ શકે છે.

# માર્ચના પ્રથમ દિવસે જ મોટો આંચકોઃ એલપીજી કોમર્શિયલ સિલિન્ડરમાં ૨૫.૫૦ રૂપિયાનો વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

માર્ચ શરૂ થતાં જ સામાન્ય માણસને મોટો આંચકો લાગ્યો છે. પહેલા જ દિવસે એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો થયો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. કોમર્શિયલ ગેસ સિલિન્ડર દિલ્હીમાં ૨૫.૫૦ રૂપિયા અને મુંબઈમાં ૨૬ રૂપિયા મોંઘું થયું છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સતત બીજા મહિને ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કરીને મોંઘવારીને આંચકો આપ્યો છે. જયારે ૧૪ કિલોના ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ગયા મહિને




એટલે કે ફેબ્રુઆરીમાં એક તારીખે ૧૪ રૂપિયાનો વધારો થયો હતો.


કિંમતમાં વધારા બાદ હવે દિલ્હીમાં ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત ૧,૭૯૫ રૂપિયા થઈ ગઈ છે. અત્યાર સુધી તે ૧,૭૬૯.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હતું. દિલ્હીમાં કિંમતોમાં ૨૫.૫૦ રૂપિયાનો વધારો થયો છે. મુંબઈમાં ૧૯ કિલોના સિલિન્ડરની કિંમત હવે ૧૭૨૩.૫૦ રૂપિયાથી વધીને ૧૭૪૯ રૂપિયા થઈ ગઈ છે. હવે આ સિલિન્ડર કોલકાતામાં ૧૯૧૧ રૂપિયામાં મળશે. પહેલા તે ૧૮૮૭ રૂપિયામાં ઉપલબ્ધ હતું. ચેન્નાઈમાં કોમર્શિયલ સિલિન્ડર સૌથી મોંઘુ થઈ ગયું છે. હવે અહીં કિંમત ૧૯૩૭ રૂપિયાથી વધીને ૧૯૬૦.૫૦ રૂપિયા થઈ ગઈ છે.

# આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્ટએ સૌથી મોટી જીએસટી ચોરી ઝડપી

## ૧૯.૬૬ કરોડની જીએસટી ચોરી પકડાઈઃ ટેકસ ચોરી પકડવામાં એઆઈનો પ્રથમ સફળ પ્રયોગ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એઆઈ (આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્ટ) આજે માણસને દરેક ક્ષેત્રમાં ઉપયોગ થઈ રહ્યું છે. જેમાં એઆઈની મદદથી રૂા.૧૯.૬૬ કરોડની જીએસટી ચોરી પકડાઈ હતી. જીએસટી ચોરી પકડવા માટે યુપી રાજય કર વિભાગનાં અધિકારીઓ લાગી ગયા છે. આ કામમાં તેઓ એઆઈની મદદ લઈ રહ્યા છે. ગાઝીયાબાદમાં એઆઈની મદદથી ઉત્તર પ્રદેશની અત્યાર સુધીની સૌથી મોટી જીએસટી ચોરી પકડાઈ છે.




એક ફર્મે બોગસ રીતે એક જ નાણાંકીય વર્ષમાં વિભાગ પાસેથી ૧૯ કરોડ ૬૬ લાખ રૂપિયાની ઈનપુટ ટેકસ ક્રેડીટ લઈ લીધી હતી ત્યારબાદ જયારે ફર્મે રિટર્ન દાખલ કરવુ શરૂ કર્યુ તો સીસ્ટમમાં લાગેલા એઆઈએ તેનું એનાલીસીસ કર્યુ જેનાંથી ખબર પડી કે ફર્મ દ્વારા જે પણ આઈટીસી કલેમ કરવામાં આવ્યો હતો તે પુરી રીતે બોગસ હતો.બાદમાં વિભાગનાં અધિકારીઓએ ફર્મનાં માલીક પર સકંજો કસ્યો તો તેણે રૂા.૧૯.૬૬ કરોડ વિભાગમાં જમા કરાવી દીધા તેમાં એક કરોડ રૂપિયા કેશ અને બાકીનાં રૂપિયા તેના બેન્ક ખાતાથી લેવામાં આવ્યા.

દર મહિને વેપારીઓ અને ફર્મો દ્વારા જે રિટર્ન દાખલ કરવામાં આવે છે તેનાં માટે જાહેર ઈ-વે બિલની રાજય કર વિભાગ એઆઈ યુકત સીસ્ટમથી સ્કુટીની કરે છે.કોર્પોરેટ સર્કલનાં જોઈન્ટ કમિશ્નર દીપરતનસિંહના નિર્દેશ પર ઈન્દીરાપુરમમાં પેઈન્ટ વેચાણવાળી ફર્મોની તપાસ શરૂ કરાઈ હતી.જેમાં એવો ઘટસ્ફોટ થયો હતો કે એક ફર્મ દ્વારા આ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલી ખરીદ પર પ્રાપ્ત આઈટીસીની સાપેક્ષ માસિક રિટર્ન જીએસટીઆર-૩ બી માં આઈજીએસટીમાં લગભગ ૨૦ કરોડથી વધુ આઈટીસી કલેમ કરાઈ હતી તેને એઆઈની મદદથી પકડી પાડવામાં આવી હતી. ત્યારબાદ ઓફીસરોએ ખુદ તપાસ કરી. આ મામલે સંબંધીત ફર્મને નોટીસ જાહેર કરી વસુલી કરાઈ હતી.

અધિકારીઓએ જણાવ્યું હતુ કે સીસ્ટમમાં લાગેલ એઆઈની દરેક ગતિવિધી પર નજર રાખે છે. તેમાં ટેકસ કમ્પ્લાયન્સ પર વોચ રાખવી, રિટર્ન દાખલ ન કરનારની ઓળખ કરવી, સંભવિત ટેકસ ચોરીની ગતિવિધીઓની ઓળખ કરવી, અયોગ્ય ઈનપુટ ટેકસ ક્રેડીટ (આઈટીસી) દાવાની ઓળખ કરવી વગેરે એઆઈમાં સામેલ છે.

# જૂની પેન્શાન સ્કીમની માગણી વચ્ચે મોંઘવારી ભથ્થું વધ્યું

## ૪.૪૫ લાખ કર્મચારી, ૪.૬૩ લાખ પેન્શનરનું મોંઘવારી ભથ્થુ જુલાઈ ૨૦૨૩થી ૪% વધશે, ૮ મહિનાનું એરિયર્સ ૩ હપ્તે ચૂકવાશેઃ છઠ્ઠા પગારપંચ પ્રમાણે મળતી ૧૦ LTC હવે સાતમા પગારપંચ પ્રમાણે મળશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૧ જુલાઈ-૨૦૨૩થી ૪ ટકાનો વધારો જાહેર કર્યો છે. રાજ્યસેવાના અને પંચાયત સેવા તથા અન્ય મળી ૪.૪૫ લાખ કર્મચારીઓ અને ૪.૬૩ લાખ પેન્શનર્સને લાભ મળશે. મોંઘવારી ભથ્થામાં વધારાની ૮ મહિનાની તફાવત રકમ, એરિયર્સ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે.

એનપીએસના કર્મચારીએ ૧૦ ટકા ફાળો આપવાનો રહેશે, જ્યારે રાજ્ય સરકાર ૧૪ ટકા આપશે. ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના હિતમાં ત્રણ હિતકારી નિર્ણયો કર્યા છે. રાજ્ય સરકારના કર્મચારીઓ કેન્દ્રના ધોરણે



મોંઘવારી ભથ્થામાં ૪ ટકા વધારાનો લાભ ૧ જુલાઈ ૨૦૨૩થી આપવાની જાહેરાત કરી છે.આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૪૫ લાખ કર્મચારીઓ અને અંદાજે ૪.૬૩ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે, પેન્શનર્સને મળવાપાત્ર થશે.

મોંઘવારી ભથ્થાની ૮ મહિનાની એટલે કે, ૧ જુલાઈ ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે. ઉપરાંત, જુલાઈ-૨૦૨૩થી સપ્ટેમ્બર-૨૦૨૩ સુધીની તફાવત રકમ માર્ચ-૨૦૨૪ના પગાર સાથે, ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૩ની એરિયર્સની રકમ એપ્રિલ-૨૦૨૪ના પગાર સાથે તેમજ જાન્યુઆરી અને ફેબ્રુઆરી-૨૦૨૪ના મોંઘવારી ભથ્થાની એરિયર્સની રકમ મે ૨૦૨૪ના પગાર સાથે કર્મચારીઓને ચૂકવાશે. મુખ્યમંત્રીએ નવી વર્ધિત-પેન્શન યોજના એનપીએસમાં કર્મચારી અને રાજ્ય સરકારના ફાળા અંગે પણ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્મચારીઓની માગણીઓને પ્રતિસાદ આપતા કર્યો છે.

# સરકારે રૂા.૧.૨૬ લાખ કરોડના ૩ સેમિકન્ડક્ટર પ્લાન્ટને મંજૂરી આપી

## ત્રણ પ્લાન્ટમાંથી બે ગુજરાતમાં અને એક આસામમાં બાંધવામાં આવશે, ટાટા ગ્રુપ ૨ યુનિટ પર કામ કરશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

કેન્દ્રીય કેબિનેટે આજે ગુરુવારે (૨૯ ફેબ્રુઆરી) ચિપ પ્લાન્ટ માટે ત્રણ દરખાસ્તોને મંજૂરી આપી છે. આ ત્રણેય પ્લાન્ટને 'ડેવલપમેન્ટ ઓફ સેમિકન્ડક્ટર્સ એન્ડ ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમ ઇન ઈન્ડિયા' હેઠળ મંજૂરી આપવામાં આવી છે. ત્રણ પ્લાન્ટમાંથી બે ગુજરાતમાં અને એક આસામમાં બનાવવામાં આવશે. આ ત્રણ ચિપ પ્લાન્ટની અંદાજિત કિંમત ૧.૨૬ લાખ કરોડ રૂપિયા છે.

ટાટા ગ્રૂપ સંયુક્ત સાહસમાં બે પ્લાન્ટ બનાવશે- એક-એક ગુજરાત અને આસામમાં. સીજી પાવર પણ સંયુક્ત સાહસમાં ગુજરાતમાં પ્લાન્ટ બનાવશે.



ત્રણેય પ્લાન્ટનું કામ ૧૦૦ દિવસમાં શરૂ થઈ જશે.

કેન્દ્રીય IT મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ટાટાનું સંયુક્ત સાહસ દેશનો પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટનું નિર્માણ કરશે. ધોલેરામાં માઈક્રોનના સેમિકન્ડક્ટર પ્લાન્ટ બાદ અહીં ફેબ્રિકેશન પ્લાન્ટ બનાવવામાં આવશે. અમેરિકન ચિપ કંપની માઈક્રોન ધોલેરામાં રૂ. ૨૨,૫૧૬ કરોડના ખર્ચે ચિપ એસેમ્બલી પ્લાન્ટ બનાવી રહી છે.

ટાટા ઈલેક્ટ્રોનિકસ અને તાઈવાનની પાવર ચિપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન વચ્ચેનું સંયુક્ત સાહસ ૯૧,૦૦૦ કરોડના રોકાણ સાથે ગુજરાતના ધોલેરામાં ચિપ ફેબ્રિકેશન પ્લાન્ટનું નિર્માણ કરશે. PSMC તાઈવાનમાં ૬ ચિપ ફાઉન્ડ્રી ધરાવે છે. જ્યારે ગુજરાતમાં પ્લાન્ટ બનશે ત્યારે તેની દર મહિને ૫૦ હજાર વેફર બનાવવાની ક્ષમતા હશે. આ ડજખઈનો પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ પણ છે.આ સિવાય ટાટા ગ્રુપની ટાટા સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ પ્રાઈવેટ લિમિટેડ આસામના મોરીગાંવમાં ૨૭ હજાર કરોડ રૂપિયાના રોકાણ સાથે પ્લાન્ટ બનાવશે. તેની પાસે દરરોજ ૪.૮ કરોડ ચિપ્સ બનાવવાની ક્ષમતા હશે.

ટાટા ગ્રૂપ ઉપરાંત, સીજી પાવર જાપાનના રેનેસાસ ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન અને થાઈલેન્ડની સ્ટાર માઈક્રો ઈલેક્ટ્રોનિક્સના સહયોગથી ગુજરાતના સાણંદમાં પ્લાન્ટ બનાવશે. આ સેમિકન્ડક્ટર પ્લાન્ટ ૭,૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે. અહીં દરરોજ ૧.૫ કરોડ ચિપ્સ બનાવી શકાય છે. તેનાથી ૨૦ હજાર લોકોને પ્રત્યક્ષ રોજગાર મળશે અને આડકતરી રીતે ૬૦ હજાર લોકોને રોજગાર મળશે.

# દુનિયાભરની હસ્તીઓ અંબાણી પરિવારની મહેમાન બની

## જામનગર નજીક રિલાયન્સ ગ્રીનમાં અનંત અંબાણી-રાધિકા મરચન્ટની પ્રિવેડીંગ સેરેમની શરૂઃ માર્ગ ઝુકરબર્ગ, બીલગેટસ, અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન, અનિલ અંબાણી, સલમાન ખાન, ઉદ્ધવ ઠાકરે સહિતના ઉદ્યોગપતિઓ, ફિલ્મી-સ્પોર્ટસ સેલિબ્રીટીનું આગમન











**મુખ્ય સમાચાર, જામનગર**

ભારતના સૌથી અમીર ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણીની રાધિકા મર્ચંટ સાથેની પ્રિ-વેડીંગ સેરેમનીમાં હાજરી આપવા માટે દેશ-દુનિયાનાં સેલીબ્રીટીઓનો જમાવડો થયો છે.ફેસબુક-મેટાના માલિક માર્ક ઝુકરબર્ગથી માંડીને ભારતીય સેલીબ્રિટીઓનું જામનગર નજીક રિલાયન્સ ગ્રીનમાં આગમન થઈ ગયુ હતું દસ દિવસ માટે જામનગરનું એરપોર્ટ ઈન્ટરનેશનલ એરપોર્ટ બની ગયાનું ચિત્ર છે. કારણ કે આંતર રાષ્ટ્રીય વિમાનોનું પણ ઉતરાણ થયુ છે. અંબાણી પરિવારનાં આંગણે જાજરમાન પ્રિ-વેડીંગ પ્રસંગમાં સામેલ થવા દુનિયાભરની હસ્તીઓનાં આગમનને ધ્યાને રાખીને જામનગર એરપોર્ટને દસ દિવસ માટે 'ઈન્ટરનેશનલ એરપોર્ટ' ઘોષિત કરવામાં આવ્યું છે.

અસામાન્ય સંજોગોમાં જ આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી હોય છે. સુપર વીઆઈપી મુવમેન્ટને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.અંબાણી પરિવારનાં આ પ્રિ-વેડીંગ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આવે તેવી શક્યતા દર્શાવવામાં આવીરહી છે. જામનગર એરપોર્ટને ૬ માર્ચ સુધી ઈન્ટરનેશનલ એરપોર્ટ ઘોષિત કરવામાં આવ્યું છે. આ પ્રોટોકોલ અંતર્ગત કસ્ટમ, ઈમીગ્રેશન તથા અન્ય તમામ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે અને તે માટે સંબંધિત મંત્રાલયોની મંજુરી લેવામાં આવી છે.

એરપોર્ટ સુત્રોનાં કહેવા પ્રમાણે ત્રણ દિવસ પ્રિ-વેડીંગ સમારોહ દરમ્યાન ૧૫૦ જેટલી ફ્લાઈટની મુવમેન્ટ થઈ શકે છે. આજે અને ૪થી માર્ચે સૌથી વધુ ફ્લાઈટનું ટેકઓફ-લેન્ડીંગ થવાનું શિડયુલ છે અને તેનાં માટે એરટ્રાફીકની વધારાની ટીમ બનાવવામાં આવી છે. જે એટીસી સાથે સંકલન કરીને વીઆઈપી વિમાનની મુવમેન્ટને હેન્ડલ કરશે.અંબાણી પરિવારના આ સુપર ઈવેન્ટ માટે વાયુસેનાના એરપોર્ટની પણ મદદ લેવામાં આવી છે જયાં જમ્બો એરક્રાફટની મુવમેન્ટ કરાવાશે એરપોર્ટની અંદર તથા બહાર પ્રોટોકોલ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. એરપોર્ટથી પ્રસંગ સ્થળ સુધીના માર્ગ પર ખાસ ટ્રાફીક વ્યવસ્થાની પણ ગોઠવણ કરવામાં આવી છે.

જામનગર એરપોર્ટ પર ૧૭ વિમાનોનું જ પાર્કીંગ થઈ શકે તેટલી જગ્યા છે. એટલે ચાર્ટર્ડ ફલાઈટના પાર્કીંગ માટે વડોદરા, રાજકોટ, પોરબંદર, અમદાવાદ જેવા અન્ય એરપોર્ટ રીઝર્વ રાખવામાં આવ્યા છે. દેશના સૌથી જાજરમાન બની રહેનારા અંબાણી પરીવારની આ પ્રિ-વેડીંગ સેરેમનીમાં સામેલ થવા બે-ત્રણ દિવસથી સેલીબ્રિટીઓનું આગમન શરૂ થઈ જ ગયુ હતું આજે દુનિયાભરના બાકીના આમંત્રીત સેલીબ્રિટીઓનુ પણ આગમન થઈ રહ્યું છે. ફેસબુકનાં માલીક માર્ક ઝુકરબર્ગ પત્નિ સાથે ગઈરાત્રે જામનગર પહોંચી ગયા હતા.બોલીવુડ સ્ટાર શાહરૂખખાન પણ પરિવાર સાથે પહોંચ્યા હતા. રાની મુખર્જી વગેરે પહોંચ્યા હતા. અમિતાભ-અભિષેક, સલમાનખાન, જહાનવીકપુર વગેરે અગાઉ જ પહોંચી ગયા હતા ઉધ્ધવ ઠાકરે પરિવાર સાથે ગઈરાત્રે પહોંચ્યો હતો'' અમેરિકાની વિખ્યાત સિંગર રિહાના બે વિમાનોનાં કાફલા સાથે પહોંચી હતી. કતારના વડાપ્રધાન તથા ભૂટાનના રાજા પણ પરિવાર સાથે હાજર રહેવાના સંકેત છે.

## વાંકાનેરમાં સરકારી અધિકારી ઉપર હુમલો તથા ફરજ રૂકાવટના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર:વર્ષ ૨૦૧૯માં વાંકાનેર મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા સર્કલ ઓફીસર દ્વારા માટેલ ગામે સરકારી જમીનમાંથી આરોપીઓ દ્વારા ગેરકાયદેસર ખનીજનું ખનન થતું હોય ત્યારે તેને અટકાવવા જતા શિવશક્તિ રોડવેઝના ત્રણ માલિકો દ્વારા મામલતદાર કચેરીના અધિકારીને લાકડી વડે માર મારી સરકારી ફરજમાં રૂકાવટ કર્યાની ફરિયાદ તા.૧૫/૦૫/૨૦૧૯ ના રોજ વાંકાનેર પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે




મુન્નાભાઈ ઝાલા, બલભદ્રસિંહ ઝાલા તથા ઘેલુભા ઝાલાની ધરપકડ કરી હતી.

ઉપરોક્ત સરકારી ફરજમાં રુકાવટ તથા સરકારી અધિકારી ઉપરના હુમલાનો કેસ વાંકાનેરના જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં શરૂ ચાલી જતા તમામ આરોપીપક્ષે મોરબી જીલ્લાના યુવા ધારાશાસ્ત્રી જીતેનભાઈ અગેચાણીયા રોકાયેલા હતા ત્યારે ફરીયાદ પક્ષે ફરીયાદી, સાક્ષી તેમજ ડોકટર તથા તપાસ કરનાર અધીકારી વગેરેની જુબાની લેવામાં આવેલી તેમા તમામ પુરાવાના અંતે આરોપીના વકીલ દવારા દલીલ કરવામાં આવેલ કે ફરીયાદપક્ષે ફરીયાદથી વીરુધ્ધનો અને વીપરીત હકીકત જણાવેલ છે. સરકારી સાક્ષીઓ તેમના મૌખીક પુરાવામાં ફરીયાદપક્ષના કેસને કે તેમના નિવેદનને સમર્થન આપેલ નથી. ત્યારે ઉપરોકત બાબતે બન્ને પક્ષકારોની તમામ દલીલોને ધ્યાને લઈ બચાવ પક્ષના એડવોકેટ જીતેનભાઈ અગેચાણીયાની તમામ દલીલો માન્ય રાખી નામદાર કોર્ટે તમામ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવાના આવ્યો હતો.

## જામનગર – ખંભાળિયા ધોરી માર્ગ પર આમરા ગામના પાટીયા પાસેથી પસાર થઈ રહેલી કારમાંથી ઈંગ્લીશ દારૂ પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસખ ડેલૂ જીલ્લામા જામનગર ગ્રામ્ય વિભાગ ના નાયબ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલાના સીધા માર્ગદશન હઠળ સિકકા પો.સ્ટે . વિસ્તાર રમાં દારૂ જુગારના વધુને વધુ કેસો શોધી કાઢવા સુચનાઓ આપવામાં આવેલ .ઉપરોક્ત સુચના અને માર્ગદર્શન હેઠળ સિક્કા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. આર.એચ.બારની સુચનાથી પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા ત્યારે પો.કોન્સ . કૃષ્ણપાલસિંહ કરણસિંહ જાડેજા તથા જીતેન્દ્રભાઈ પરમાર તથા ભુપેંદ્રસિંહ જાડેજા તથા જયપાલભાઇ મેરને સયુકત ખાનગી રાહે ચોક્કસ બાતમી હકીકત મળેલ કે જામનગર તરફથી એક સફેદ કલરની સ્વીફ્ટ કારમા એક ઇસમ



ઈંગ્લીશ દારૂ ભરીને આવે છે તેવી ખાનગી રાહે હકીકત મળેલ હોય જેથી આમરા ગામ ના પાટીયા પાસે એક સદર બાતમી હકીકત વાળી સફેદ કલરની સ્વીફ્ટ કાર રજી નં . GJ -37 - M 3623 સાથે ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલ નગં -૬૦ કિ.રૂ ૩૦,૦૦૦ મળી કુલ મદામાલ રૂ ૫,૩૦,૦૦૦ની સાથે આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ . પકડાયેલ આરોપી બીપીન ઉર્ફે લાકડી કારાભાઇ મુછડીયા રહે.નીલકંઠ સોસાયટીની પાછળ તીરૂપતી ૪.એ વાળી ગલી જામનગર પકડવા પર બાકી આરોપી મયુર ઉર્ફે મયલો ભાટીયા રહે , યાદવનગર જામનગર કબ્જે કરેલ મુદામાલ રોયલ સ્ટેગ સુપીરીયર વ્હીસ્કી ફોર સેલ ઇન પંજાબ ઓન્લીની બોટલ નગં -૩૬ કી.રૂ .૧૮,૦૦૦ રોયલ ચેલેંજ પ્રીમીયમ સિલેક્ટ વ્હીસ્કી ફોર સેલ યુ.ટી. ચંદીગઢ ઓન્લીની બોટલ નંગ -૨૪ કી.રૂ .૧૨,૦૦૦ સફેદ કલરની સ્વીફ્ટ કાર વાહન રજીસ્ટર નં . GJ - 37 - M - 3623 કી.રૂ. ૫,૦૦,૦૦૦.પાંચ લાખ.કુલ મુદ્દામાલ રૂ.૫,૩૦,૦૦૦ કામગીરી કરનાર સિકકા પોલીસ સ્ટેશન ટીમ- પો.સબ.ઈન્સ. આર.એચ.બાર તથા પો.હેડ .કોન્સ જયરાજસિંહ ઘનશ્યામસિંહ રાણા તથા ચંદ્રકાંતભાઇ દામજીભાઇ ગાંભવા તથા પો.કોન્સ . કૃષ્ણપાલસિંહ કરણસિંહ જાડેજા તથા જીતેન્દ્રભાઈ કાંતીભાઈ પરમાર તથા ભુપેંદ્રસિંહ મહીપતસિંહ જાડેજા તથા જયપાલભાઇ ડાહ્યાભાઇ આવેલ મેર દ્વારા કરવામા છે .

## મોરબીના ધરમપુર ગામના ખેડૂતે પ્રાકૃતિક ખેતીમાં કરી મબલખ આવક

### પ્રાકૃતિક કૃષિ હેઠળ બાજરીના પાકની સફળ ખેતી કરતા મહેશકુમાર મહાદેવભાઈ પટેલની કૃષિ યાત્રા

**મુખ્ય સમાચાર, મોરબી**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખેડૂતોની આવક ડબલ થાય અને કૃષિ ક્ષેત્રે ધરખમ ફેરફારો આવે એ માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સરકારના આ અભિગમને સુપેરે આગળ વધારી રહી છે પ્રાકૃતિક ખેતી પ્રણાલી. વડાપ્રધાનશ્રીના આ અભિગમ સાથે ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય તે માટે પ્રાકૃતિક કૃષિ સંવાદ સેમિનાર અને મુલાકાત સહિત વિવિધ કાર્યક્રમો થકી ખેડૂતોને માર્ગદર્શન આપી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા પણ પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે જે થકી અનેક ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી પ્રકૃતિના સંવર્ધન સાથે સારી એવી આવક મેળવી રહ્યા છે.

મોરબી જીલ્લામાં પણ અનેક ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી વિવિધ પાક લઈ રહ્યા છે. ત્યારે મોરબીના ધરમપુર ગામનાં પ્રાકૃતિક ખેતી કરતા મહેશ કુમારે જણાવ્યું હતું કે,''અમારા ગામમા મોટા ભાગના ખેડુતો પરંપરાગત ખેતી કરતા હતા. વર્ષો પહેલા આમારા વડીલો મગફળી એરંડા બાજરી જુવાર કઠોળ વગેરે પાકોનુ વાવેતર કરતા હતા. શરૂઆતમા એક એકરે બાજરીનું ૮૦ મણ કરતા પણ વધારે ઉત્પાદન મળતુ



પણ જેમ જેમ વર્ષો વિતતા ગયા તેમ તેમ ગળતીયું ખાતરનો વપરાશ ઘટતો ગયો અને રાસાયણિક ખાતર તથા જંતુનાશક દવાનો ઉપયોગ વધતો ગયો જેથી જમીનની ફળદ્રુપતા ઘટવા લાગી. બાજરીમાં એકરે ઉત્પાદન ૮૦ મણ માથી ૫૦-૬૦ મણ થવા લાગ્યું.

મહેશભાઈએ રાજ્યપાલના પ્રાકૃતિક ખેતીના સેમિનારમાં ભાગ લીધો હતો જેના પરથી પ્રાકૃતિક ખેતી કરવાની પ્રેરણા મળી અને ફાર્મ પર ગાયોનો તબેલો બનાવ્યો અને રાસાયણિક ખાતરની જગ્યાએ ગળતીયું ખાતરનો ઉપયોગ કરવાનું વિચાર્યુ. ઉત્પાદન વેચાણ માટે સોશિયલ મિડીયા દ્વારા જાહેરાત કરી જરૂરિયાત મુજબ સીધું ગ્રાહકને વેચાણ કરું છું. અને વધારાનુ ઉત્પાદન ઓપન માર્કેટમાં વેચું છું.આમ પ્રાકૃતિક કૃષિ કરવાથી ખર્ચ ઘટવા લાગ્યો અને આવકમાં વધારો થવા લાગ્યો. પ્રકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપ્તામાં વધારો થાય છે અને પર્યાવરણનું રક્ષણ થાય છે. શુધ્ધ આહાર ખાવા માટે મળે છે અને પ્રાકુતિક કુષિમાં ખર્ચ ઘટવાથી આવક વધારે મળે છે અને જમીન સુધરે છે.

મહેશકુમાર જ્યારે રાસાયણિક ખેતીથી ખેતી કરતા ત્યારે તેમને ૭૪૫૦૦ નો ખર્ચ થતો જેની સામે એક લાખ ૪૫ હજાર જેટલી આવક આવતી જેથી નફાનો ગાળો ૭૧,૫૦૦ જેટલો રહેતો. આજે જ્યારે તેઓ પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે ત્યારે તેમનો ખર્ચ ઘટીને ૬૯,૦૦૦ થઈ ગયો છે જ્યારે સામે આવક વધીને ૧,૯૦,૦૦૦ થઈ ગઈ છે જેથી નફાનો ગાળો પણ વધ્યો છે અત્યારે મહેશકુમાર ૧,૩૧,૦૦૦ જેટલો નફો સરળતાથી મેળવી રહ્યા છે આમ પ્રાકૃતિક ખેતી થકી તેમની જમીનની ગુણવત્તામાં સુધારો થયો છે સાથે સાથે તેમની આવકમાં પણ સારો એવો વધારો થયો છે.

## ગુજરાત ગેસના ભાવમાં ફક્ત ૩ રૂપિયા ઘટતા મોરબી સીરામીક ઉદ્યોગકારોએ રોષ ઠાલવ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

ગુજરાત ગેસ દ્વારા ગેસના ભાવમાં માત્ર ૩ રૂપિયાનો જ ઘટાડો કરતા મોરબી ઉદ્યોગકારોમાં હળાહળ રોષ પ્રગટ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસનો ભાવ નીચો જતા જીએસપીસી દ્વારા વધારે ભાવ ઘટાડવામાં આવશે તેવા આશાવાદ સાથે બે દિવસ અગાઉ મોરબી સીરામીક એસોસિએશન તથા અન્ય ઔદ્યોગિક ઉદ્યોગકારો ગાંધીનગર ખાતે જીએસપીસીના એમડી તોરવણે સાથે બેઠક કરી રજૂઆત કરતા તેમના દ્વારા પણ હકારાત્મક અભિગમ આપ્યો હતો. ત્યારે ગેસના ભાવમાં માત્ર ૩ જ રૂપિયા ઘટતા પ્રોપેન ગેસ સપ્લાય કરતી કંપની સાથે ગુજરાત ગેસે સિન્ડીકેટ કર્યુ હોય તેમ ઉદ્યોગકારો દ્વારા જણાવી પોતાનો રોષ પ્રગટ કર્યો હતો.


મોરબી સીરામીક મેન્યુ. એસોસિએશનના પ્રમુખ દ્વારા જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવમાં મોટો ઘટાડો થયો હતો ત્યારે ગુજરાત ગેસ તરફથી પણ ગેસના ભાવમાં બહુ મોટો ભાવ ઘટાડો કરવામાં આવશે તે માટે ગત બુધવારના રોજ ગાંધીનગર ખાતે ગુજરાત ગેસના એમડી મિલિન તોરવણે સાથે આ બાબતે ચર્ચા વિચારણા માટેની બેઠક કરી રજૂઆત કરવામાં આવી હતી ત્યારે તેમના દ્વારા પણ ગેસના ભાવમાં ૮ થી ૧૦ રૂપિયા ઘટાડા માટે સહમતી દર્શાવી હતી પરંતુ આજરોજ જીએસપીસી તરફથી ગેસના ભાવમાં ફક્ત રૂપિયા ૩ નો ભાવ ઘટાડો જે પ્રોપેન ગેસની સખામણીમાં રહે છે. પ્રોપેન ગેસ સપ્લાઇ કરતી કંપની સાથે ગુજરાત ગેસે સિન્ડીકેટ કરી હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે. હાલમાં આંતરરાષ્ટ્રીય નેચરલ ગેસમાં બહુ મોટો ઘટાડો થયો હોવા છતા ૩ રૂપિયા જેવો મામુલી ઘટાડો પ્રોપેન ગેસના ભાવ સાથે સમતોલ કર્યો હોય તેવુ લાગી રહ્યુ છે. છેલ્લા ઘણા સમયથી પ્રોપેન અને નેચરલ ગેસનો ભાવ એકબીજાની તદન નજીક રાખીને બન્નેનો વપરાશ ૫૦% થાય તેવી ગોઠવણી કરી હોય તેવુ લાગી રહ્યુ છે તેવું જણાવી ઉદ્યોગકારોએ પોતાની નારાજગી બાબતે રોષ પ્રગટ કર્યો હતો.

## મોરબી માર્કેટિંગ યાર્ડ દ્વારા કમોસમી વરસાદની આગાહીને પગલે ખેડૂતોને સૂચના અપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- મોરબી દ્વારા એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. જેમાં તેઓએ વરસાદની આગાહીને પગલે ખેડૂતોને પોતાનો પાક સાચવીને માર્કેટિંગ યાર્ડ સુધી લાવવા અને તાલપત્રી સાથે રાખવા સહિતની સૂચનાઓ આપવામાં આવી છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ મોરબીના ઇન્ચાર્જ સેક્રેટરી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, હવામાન વિભાગ દ્વારા કમોસમી પવન સાથે વરસાદની તા.૧-૩-૨૦૨૪ થી તા.૫-૩-૨૦૨૪ સુધી આગાહી કરવામાં





આવી છે. જે આગાહીને ધ્યાનમાં રાખીને ખેડૂત ભાઇઓને, પોતાનો માલ તાલપત્રી ઢાંકીને લાવવો તથા માલ ઉતરાઇ થઈ ગયા પછી તાલપત્રી ઢાંકી દેવી જેથી માલનો બગાડ ન થાય. તેવી સૂચના આપવામાં આવી છે. તેમજ વેપારીઓએ પોતાનો માલ પોતાના ગોડાઉનમાં ખસેડી લેવા વિનંતિ કરવામાં આવી છે.

## મોરબી પત્રકાર એસોસિયેશન દ્વારા મોરબીને લાંબા અંતરની ટ્રેન સુવિધા આપવા લેખિત રજુઆત કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

બ્રોડગેજ લાઇન નાખ્યા તેને વર્ષો વીતી ગયા હોવા છતાં પણ મોરબીથી લાંબા અંતરની ટ્રેન શરૂ કરવામાં આવી નથી. ત્યારે મોરબીને લાંબા અંતરની ટ્રેન સુવિધા આપવાની માંગ સાથે પક્ષકાર એસો. મેદાને આવ્યું છે. અને રાજકોટ-અમદાવાદ અને મુંબઈ ની ડેઇલી ટ્રેન આપવાની માંગ સાથે મોરબી રેલવે સ્ટેશન સુપ્રીટેન્ડેનને આવેદન પાઠવ્યું છે.

મોરબી પત્રકાર એસોસિએશનના જણાવ્યા અનુસાર, મોરબીને લાંબા અંતરની ટ્રેન સુવિધા આપવા મોરબીમાંથી અવારનવાર અનેક રજૂઆતો કરાઈ છે. છતાં રેલવે તંત્રે આ પ્રશ્ને સદાય મોરબી સાથે ઓરમાયુ વર્તન દાખવ્યું છે. મોરબીના ચૂંટાયેલા સ્થાનિક નેતાઓ પણ મોરબીને ટ્રેન સુવિધા મળે તે માટે આગળ નથી આવી રહ્યા. જેને કારણે હવે પત્રકાર એસોશિયેશન મોરબી મેદાને આવ્યું છે. મોરબીને લાંબા અંતર સુધીની રાજકોટ-અમદાવાદ-મુંબઈની ડેઈલી ડેઇલી ટ્રેન સુવિધા આપવાની માંગ સાથે આજે મોરબી રેલવે સ્ટેશન ખાતે સ્ટેશન સુપ્રીટેન્ડેન્ટ ધર્મેન્દ્રકુમાર અને એલ.પી.યાદવને પત્રકાર એસોશિયેશન



દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જે મોરબી રેલવેના અધિકારીઓએ સ્વીકારી પશ્ચિમ રેલવે હેડ ક્વાર્ટર ના જનરલ મેનેજર મુંબઈ ચર્ચ , ડી.આર.એમ.રાજકોટને રજૂઆત કરવાની ખાતરી આપી હતી.

મોરબી રેલવે સ્ટેશન હાલ ૯ કરોડથી વધુના ખર્ચે આધુનિક બની રહ્યું છે. પરંતુ મોરબીમાં મોરબી-વાંકાનેર સુધી જ ડેમુ ટ્રેન જાય છે. તેના સિવાય અન્ય કોઈ ટ્રેન સુવિધા નથી. રાજકોટ-અમદાવાદ-મુંબઈની કોઈ ડેઈલી ટ્રેન કે લાંબા અંતરની કોઈ રેગ્યુલર ટ્રેન સેવા નથી. જેને લઇ પક્ષકાર એસો. મોરબી દ્વારા મોરબીને સૌરાષ્ટ્ર-કચ્છનો ટ્રેન વ્યવહાર જોડે, ગુજરાતની અન્ય ટ્રેનોનો મોરબીને લાભ મળે તેમજ મોરબીને રાજકોટ-અમદાવાદ- મુંબઈ ડેઇલી ટ્રેનો માટે કચ્છમાંથી અમદાવાદ અને મુંબઈ જતી ટ્રેનોને મોરબી ચલાવવામાં આવે તેવી માંગ કરાઈ હતી. તેમજ ભુજ-બરેલી-દિલ્હી-ચેન્નાઇ ટ્રેન ચાલુ કરવા તેમજ ભુજ કામખીયા એક્સપ્રેસને મોરબી સાપ્તાહિક આવે છે. તેને પણ ડેઇલી કરવા માંગ કરવામાં આવી છે. આ અંગે પત્રકાર એસોસિએશન દ્વારા રેલવે મંત્રી, સાંસદો, ધારાસભ્યો સહિતનાં અધિકારીઓને રજુઆત કરાઈ છે.

## નવયુગપરામાં યુવાન પર ત્રણ શખ્સોનો હુમલોઃ પોલીસે ગુનો નોંધી શોધખોળ આદરી

### એક વર્ષ પહેલા ભાણેજની હત્યા કરનાર શખ્સો સમાધાન કરવાનું કહી છરી વડે તૂટી પડ્યા

**મુખ્ય સમાચાર રાજકોટ.**

શહેરના જિલ્લા ગાર્ડન મેન રોડ પર આવેલી જૂની જેલ સામે નવયુગ પરા મા થો રાડાના યુવાન પર ત્રણ શખ્સો એ છરી વડે હુમલો કરી ગંભીર ઇજા કરી નાખી જતાં એડમિશન પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પોલીસે હુમલાખોરોની શોધ કોડ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ થોરાળા મેઇન રોડ પર શેરી નંબર છ માં રહેતો ગિરીશ ઉર્ફે રાકેશ હરિભાઈ ખીમસુરીયા નામનો યુવાન ગઈકાલે નવયુગ ભરા શેરી નંબર છ ના ખૂણે ઊભો હતો ત્યારે અગાઉ એક વર્ષ પહેલા કાનાભાઈ ના મફતિયાપરામાં તેના સગા ભાણેજ રગાની હત્યા કરનાર અને એક વર્ષ બાદ જેલમાંથી છૂટેલા આનંદ ઉર્ફે કાળુ રવિ મુછડીયા તેનો ભાઈ નીતિન રવિ મુછડીયા તથા પ્રકાશ રવિ મુછડીયા સહિતના શખ્સોએ અગાઉ ખૂન કેસ બાબતે સમાધાન કરી લેવા નું જણાવી યુ અને ના કહેતા ઉશ્કેરાયેલા ત્રણેય શકશો એ છરી વડે હુમલો કરી આડેધડ છરીના ગાજી કી ગંભીર ઈજા કરી નાસી જતા યુવાનને ઇજાગરાતમાં સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો બનાવ અંગેની જાણ એ ડિવિઝન પોલીસ મથકે કરવામાં આવતા પી.આઈ આરજી બારોટ તથા પી.એસ.આઇ બીએચ પરમાર સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા પોલીસે થોરાળાના બીજા ગ્રસ્ત યુવાનની ફરિયાદ નોંધ આનંદ ઉર્ફે કાળુ સહિત ત્રણે ભાઈઓ સામે ગુનો નોંધી શોધફળ શરૂ કરી છે.


## રાજુલાની એસબીઆઈ મેઈન શાખામાં કેશ પેમેન્ટ ભરવામાં ગ્રાહકોને પડતી મુશ્કેલી બાબતે ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ દ્વારા રજૂઆત કરાઇ

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલાના પૂર્વ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ બકુલભાઈ વોરા દ્વારા એસબીઆઈ મેઈન શાખાના મેનેજરને પત્ર પાઠવી લેખિત રજૂઆત કરવામાં આવી હતી જેમાં તેવોએ જણાવ્યું કે એસ બી આઇ મેઈન શાખામાં કેશ બારી ઉપર પેમેન્ટ ભરવા આવતાં ગ્રાહકોને કેશીયર દ્વારા અઝખ મશીન દ્વારા પૈસા ભરવાનો આગ્રહ કરવામાં







આવે છે અને સિનિયર સિટીઝન નાગરિકો તેમજ અશિક્ષિત લોકોને મશીન દ્વારા પૈસા ભરવામાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે તેમજ ઘણા ગ્રાહકો પાસે અઝખ કાર્ડ નથી હોતુ અને મશીન દ્વારા પૈસા ભરવામાં ગ્રાહકોને ટ્રાન્જેક્શન ચાર્જ પણ લાગતો હોય છે જેથી ઉપરોક્ત મુશ્કેલીઓ ધ્યાને લઈ બ્રાન્ચ મેનેજરને લેખિત રજૂઆત કરાઇ હતી તેમજ જે ગ્રાહકોને કેશ બારી ઉપર પૈસા ભરવા હોય તેમનાં સ્વીકારી લેવા અને એ.ટી.એમ નો આગ્રહ ન કરવો અન્યથા ઉપરોક્ત બાબત RBI માં ફરીયાદ કરવાની ફરજ પડશે તેવી વિનંતી સાથે બ્રાન્ચ મેનેજરને રજૂઆત કરાઈ હતી

## નવયુગ વિદ્યાલય - મોરબીમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિન ની SCIENCE FAIR યોજી ઉજવણી કરવામાં આવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા.૨૮/૦૨/૨૪ ને બુધવારના રોજ નવયુગ વિદ્યાલય ખાતે ''રાષ્ટ્રીય વિજ્ઞાન દિન'' નિમિતે બાળક સ્વાનુભવે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવે એ હેતુથી ધોરણ - ૬ થી ૯ ના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ૧૧૦ જેટલી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી અને તેનું ભવિષ્ય પ્રદર્શન યોજેલ હતું. જેમા ટેકનોલોજીગત, સૌરમંડળ દર્શન, પ્રાકૃતિક ઊર્જા , આંકડાજ્ઞાન, સેન્સર ટેકનોલોજી જેવી વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. આ સાયન્સ ફેર સવારના ૯.૦૦ થી ૪.૩૦ વાગ્યા સુધી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. જેનો લાભ વિધાર્થીઓ, વાલીઓ તેમજ સ્થાનિક સ્કૂલના વિદ્યાર્થીઓ અને શહેરીજનોએ બહોળી સંખ્યામાં લીધો હતો.

નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનના પ્રમુખશ્રી પી.ડી. કાંજીયા દ્વારા દિપ પ્રાગટ્ય કરી આ વિજ્ઞાન મેળાને પ્રદર્શન માટે ખુલ્લો મૂક્યો હતો અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. તેની સાથે સાથે મોરબી જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી મોતાસાહેબે તથા આર્યભટ્ટ લોકવિજ્ઞાન કેન્દ્રના દીપેનભાઈ ભટ્ટે પણ મુલાકાત લઈ ને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.


## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે જામનગર જિલ્લાની મુલાકાતેઃ ૨૪ કરોડના ખર્ચે તૈયાર થનાર સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ખાતમૂર્હૂત કરશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં, રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે જામનગર જિલ્લાની મુલાકાતે પધારનાર છે જેમાં તેઓ બપોરે ૩ કલાકે બ્રુકબોન્ડ ગ્રાઉન્ડ ખાતે ઉપસ્થિત રહી અંદાજીત રૂ.૨૪૦૨.૨૯ લાખના ખર્ચે નિર્મિત થનાર ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું ખાતમુહુર્ત કરશે. ત્યારબાદ તેઓ પોલીસ હેડક્વાટર ખાતે નિર્માણ પામેલ પોલીસ ક્રિકેટ ગ્રાઉન્ડનુ લોકાર્પણ કરશે.લોકાર્પણ બાદ તેઓ એમ્યુઝમેન્ટ પાર્કની પાછળ આવેલ જે.એમ.સી. ગ્રાઉન્ડ ખાતે યોજાનાર મીલેટ એક્ષ્પોને ખુલ્લો મૂકી જાહેર સભાને સંબોધન કરશે. તેમજ જામનગર મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહુર્ત કરશે.

**જામનગર ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની વિશેષતાઓ**

જામનગર ખાતે ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ બનાવવા માટે સરકાર દ્વારા આશરે ૧૨ એકર જમીન ફાળવવામાં આવી છે.જેમાં ઇન્ડોર રમતો જેવી કે ટેબલ



ટેનીસ, વોલીબોલ, બાસ્કેટબોલ, કબ્બડ્ડી, ખો-ખો, જિમ, યોગા, જુડો, ચેસ, વેટ લીફ્ટ, ૧૦૦ મી. શુટીંગ રેન્જ તથા આઉટડોર ગેમ્સમાં ૪૦૦ મીટર મડી એથ્લેટિક ટ્રેક, ગ્રાસી ફટબોલ ગ્રાઉન્ડ, બે વોલીબોલ કોર્ટ, બે કબડ્ડી મેદાન, ખો-ખો કોર્ટ, ચાર ટેનીસ કોર્ટ, બે બાસ્કેટબોલ કોર્ટ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.આ જિલ્લા રમત સંકૂલના નિર્માણથી જામનગર જિલ્લાની યુવા પેઢીને રમત ગમત ક્ષેત્રે પોતાની પ્રતિભા વિકસીત કરવાની વિપુલ તકો પ્રાપ્ત થશે.

**પોલીસ ક્રિકેટ ગ્રાઉન્ડ તથા વોકીંગ-રનીંગ ટ્રેકનું થશે લોકાર્પણ**

શહેરના પોલીસ હેડ ક્વાટર ખાતેના પરેડ ગ્રાઉન્ડની બાજુના ખાલી મેદાનમાં આંતરરાષ્ટ્રીય સ્તરનુ ૬૩ મીટરની ત્રિજ્યાવાળુ ક્રિકેટ ગ્રાઉન્ડ તથા તેની ફરતે ૦૫ (પાંચ) મીટરની પહોળાઇવાળો ૪૦૦ મીટરનો વોકીંગ.રનીંગ ટ્રેક બનાવવામાં આવેલ છે.આ ઐતિહાસિક મેદાન ખાતે સચિન તેંદુલકર, સલીમ દુરાની, રવિન્દ્ર જાડેજા, નવજોત સિદ્ધુ, વિનોદ કાંબલી, રવિ શાસ્ત્રી, પ્રભાકર, અરૂણલાલ, વેંકટપતિ રાજુ, રોબિનસિંઘ, પાર્થિવ પટેલ, પઠાણ બંધુ વિગેરે જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત ખેલાડીઓએ પોતાની કારકિર્દી દરમ્યાન પ્રેકટીસ કરેલ છે. જેથી ક્રિકેટ ચાહકો માટે પણ આ ગ્રાઉન્ડનુ મહત્વપુર્ણ બની રહેશે.તેમજ અહીનો વોકીંગ-રનીંગ ટ્રેક સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી વિવિધ ભરતીઓ માટેની શારીરિક કસોટીની પુર્વ તૈયારી માટે પણ યુવાનોને મદદરૂપ થશે.

ત્રી-દિવસીય મિલેટ એક્ષ્પો અને વિવિધ કાર્યક્રમો.ભારત સરકારે વર્ષ ૨૦૨૩ ને મિલેટનું આંતરરાષ્ટ્રીય વર્ષ જાહેર કરવા માટે સંયુક્ત રાષ્ટ્રને દરખાસ્ત કરી હતી. ભારત દેશના પ્રસ્તાવને ૭૨ દેશોએ ટેકો આપ્યો હતો અને યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી એ ૫ માર્ચ, ૨૦૨૧ ના રોજ વર્ષ ૨૦૨૩ ને મિલેટ આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે જાહેર કર્યું હતું. જે અંતર્ગત સરકારના કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા જામનગર શહેરના મહાનગરપાલિકા જાહેર મેદાન, શ્રીજી હોલ પાછળ, ઓશવાળ-૩, એમ્યુઝમેંટ પાર્ક આજથી તા.૦૩/૦૩/ ૨૦૨૪ સુધી સાંજે ૪.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી મિલેટ એક્સ્પો યોજવાનું નિર્ધારીત થયેલ છે.આ કાર્યક્રમમાં મિલેટ વાનગીઓના લાઇવ ફુડ સ્ટોલ, મિલેટ વાનગીઓના રેડી ટુ ઇટ્ સ્ટોલ, મિલેટ પાકની સામગ્રી, પ્રાકૃતિક કૃષિ પેદાશોના સ્ટોલ ,હસ્તકલાના સ્ટોલ વગેરેનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ કાર્યક્રમ દરમિયાન સાંસ્કૃતિક તથા લોક સાહિત્ય કાર્યક્રમોનું પણ આયોજન હાથ ધરાયુ છે. સ્થળ ઉપર મિલેટના પાકોની માહિતી મળી રહે તે હેતુથી કૃષિ યુનિવર્સિટી તથા આયુર્વેદ વિભાગના પણ સ્ટોલનું આયોજન કરેલ છે.

## નવયુગ મહિલા સાયન્સ કોલેજમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની અનોખી ઉજવણી



**મુખ્ય સમાચાર, મોરબી**

આજરોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિનના રોજ નવયુગ મહિલા સાયન્સ કોલેજમાં સ્ટુડન્ટ દ્વારા અનેકવિધ ઉજવણી કરાઈ હતી જેમાં અવકાશ વિજ્ઞાનના વિવિધ વિષયોને આવરી લેતા વર્કીંગ મોડેલ બનાવીને તેની સમજુતી આપવામાં આવી હતી.

વિજ્ઞાનની સરળ સમજુતી આપતા સાયટુન્સની કોમ્પીટીશન યોજવામાં આવી હતી જેમાં ખુબસરસ કાર્ટુન દોરીને રસપ્રદ રીતે રજુ કર્યા હતા.

આ ઉપરાંત રોજબરોજના ઉપયોગમાં લેવાતી ખાવાની વાનગીઓમાં વિજ્ઞાન કઈ રીતે કામ કરે છે તેની સરળ સમજુતી આપતા ફર્મેન્ટેશનથી બનતી વાનગીઓ, શિયાળામાં મળતા ચણાની વાનગીઓ તેમજ વિસરાતી જતી પરંપરાગત વાનગીઓનો રસથાળ બનાવીને આજના દિવસને યાદગાર બનાવ્યો હતો.

સંસ્થાના પ્રમુખશ્રી પી. ડી. કાંજીયા સાહેબએ પ્રોગ્રામમાં હાજર રહીને સ્ટુડન્ટ્સનો ઉત્સાહ વધાર્યો હતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# તિરૂપતિ મદ્રાસ કાફેની વાનગીમાં જીવડા નીકળતાં સંચાલકો લાજવાને બદલે ગાજ્યા

## નિર્મલા રોડ પર આવેલાં મદ્રાસ કાફેમાં જમવા ગયેલાં ગ્રાહકને આપવામાં આવેલાં મેંદુવડામાં જીવડુ નીકળ્યુંઃ મેનેજરને ફરિયાદ કરતાં બેફામ જવાબ આપીને કહ્યું 'જયાં દોડવું હોય ત્યાં દોડી લો, અમારે બધે સેટીંગ છે'

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં વધુ નફો કમાઈ લેવાની લાલચમાં ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કે વેચાણ કરતા તત્વો બેફામ બન્યા છે. ખાસ કરીને હોટલ કે રેસ્ટોરન્ટમાં પીરસાતી અવનવી અખાદ્ય વાનગીઓ બેરોકટોક પીરસાઈ રહી છે જેને પરિણામે શહેરમાં રોગચાળાએ માથુ ઉંચકયું છે. આરોગ્ય તંત્ર પણ આ બાબતે આંખ આડા કાન કરી રહ્યું છે ત્યારે ફરી એકવાર શહેરના નિર્મલા રોડ પર આવેલ તિરૂપતિ મદ્રાસ કાફેમાં પીરસાયેલ વાનગીમાંથી જીવડા નીકળતા






(તસ્વીરઃ આનંદ જાવિયા)



વાનગી પીરસનાર રેસ્ટોરન્ટની વિશ્વસનીયતા ઉપર સવાલ ઉઠવા પામ્યો છે. શહેરીજનોના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરનાર તિરૂપતિ મદ્રાસ કાફેના સંચાલક દ્વારા પોતાની ભૂલ કબૂલી માફી માંગવાને બદલે જેમ ફાવે તેવા શબ્દો બોલી ગ્રાહકને જયાં દોડવુ હોય ત્યાં દોડી લેવા જણાવતા આવા તત્વો પર લગામ કસવાનો સમય પાકી ગયો છે.

આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે ગઈકાલે એક ગ્રાહકે તિરૂપતિ મદ્રાસ કાફેમાં મેંદુવડાનો ઓર્ડર આપેલ જયારે વેઈટર દ્વારા મેંદુવડાની ડીશ ગ્રાહકને અપાઈ ત્યારે મેંદુવડામાંથી જીવડા નીકળથા આ અંગે ગ્રાહકે રેસ્ટોરન્ટના મેનેજર માધવ રામજી પીલાઈને ફયિાદ કરતા તેઓએ આ બાબત સામાન્ય હોય તેવું જણાવી પોતે આ મેંદુવડા સ્વાહા કરી ગયો અને જાણે કાંઈ બન્યુ નથી તેમ ગ્રાહકને ધમકાવી જયાં ફરિયાદ કરવી હોય ત્યાં કરી શકો છો તેવું જણાવી રોફ જમાવ્યો હતો. બાદમાં આ રેસ્ટોરન્ટના સંચાલક બાલાભાઈ નાયડુએ પણ ગ્રાહક સાથે તોછડુ વર્તન કર્યાની વિગત પ્રકાશમાં આવી છે.

# નવાગામમાં પૈસાની લેતીદેતી મામલે મારામારી દંપતી પર દસ શખ્સોના ટોળાએ તલવાર–ધારીયા વડે કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મૂળ સુરેન્દ્રનગરના ચિરોડા ગામના અને હાલ નવાગામ દિવેલીયાપરામાં રહેતા અને ડ્રાયવીંગ કરતા રજનીભાઈ વેલાભાઈ ગઢાધરા ઉ.૨૯એ હિતેશ કોબીયા, ગોલુ બાવાજી, નરેશ પરમાર, રાહુલ કોબીયા, સુનીલ કાગદડિયા, પાવલી, દરબાર, લાલો રબારી, દિલો અને ઉતમ ગોહિલ સામે કુવાડવા રોડ પોલીસમાં રાયોટીંગ, ધમકી, મારકૂટ સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત રાત્રે હું માલીયાસણ પાસે હતો ત્યારે પત્નીએ ફોન કરી માથાકૂટ થઈ છે જલ્દી આવો તેમ કહેતા હું ઘરે જતા સાળા લાધાભાઇ બચુભાઈ ડાભીને મેં શું થયું છે તેમ પૂછતાં તેણે કહેલ કે મેં હિતેશ પાસેથી ૧૨.૩૦ લાખ ઉછીના લીધા હતા જે પૈકી હવે ૮૦ હજાર દેવાના બાકી છે તે માંગી ઉઘરાણી કરતો હોવાનું જણાવતા હું તેને સમજાવવા જતા તેના હાથમાં ધારિયું હતું અને ગોલુના હાથમાં તલવાર હતી તેણે ગાળો દઈ ઢીકાપાટુનો માર માર્યો હતો અને અન્ય લોકોને છુટ્ટા પથ્થરના ઘા તેમજ સોડા બોટલના ઘા કર્યા હતા મારા પત્ની રાધાબેન છોડાવવા વચ્ચે પડતા તેને પણ ઈજા થઈ હતી દેકારો થતા બધા ભાગી ગયા હતા અને હિતેશ જતા જતા જો પોલસી ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી વધુ લોકો એકઠા થઈ ગયા હોવાથી હિતેશ પોતાની થાર ગાડી ત્યાં જ મુકીને જતો રહ્યોહતો અમે ખાનગી હોસ્પીટલમાં સારવાર લીધા બાદ સાળાને ફોન કરતા અન્ય લોકોના નામ જણાવતા ફરિયાદ નોંધાવી હતી બનાવ અંગે પીએસઆઈ બી વી ભગોરા સહિતના સ્ટાફે આરોપીઓને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

# મકાન ખરીદી બાબતે આપેલ રૂા.૩.૫૦ લાખનો ચેક રિટર્ન થતાં આરોપીને એક વર્ષની સજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મકાન ખરીદીને બાકી રહેતા લેણાંની રકમનો ચેક રિટર્ન કેસમાં કોર્ટએ આરોપી મથુર માધાભાઈ ઘોળકીયાને ૧ વર્ષની સજા તેમજ જો બાકી રહેતી રકમ ૩ મહિનામાં નો ચૂકવે તો વધુ ૩ માસની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

આ કેસની હકિકત મુજબ, ફરિયાદી ભાવનાબેન હસમુખભાઈ મકવાણા એ તેમના પરિચિત મથુરભાઈ માધાભાઈ ઘોળકીયાને પોતાનું મકાન રૂ ૧૨.૫૦ લાખમાં વેચ્યું હતું. જેમાં આરોપી દ્વારા રૂ.૯.૦૦.૦૦૦ ચુકવી આપ્યાં હતા અને બાકી રહેતી રકમ ૧ વર્ષની અંદર ચોંકાવી આપવા માટે લખાણ કરાવેલું હતું. ૧ વર્ષ બાદ ફરિયાદીએ પોતાના નાણાં માગતા આરોપીએ સાડા ત્રણ લાખનો ચેક આપેલ જે ચેક રિટર્ન થતા વકીલ મારફતે કોર્ટમાં ફરીયાદ કરવામાં આવી હતી. આ કેસ ચાલવા ઉપર આવતા ફરિયાદીના વકીલે કરેલ ધારદાર દલીલો તેમજ રજૂ કરેલા વડી અદાલતના ચુકાદાઓને ધ્યાનમાં લઈને ન્યાયધીશએ આરોપી મથુર માધાભાઈ ઘોળકીયાને ૧ વર્ષની સજા તેમજ ફરિયાદીને ચૂકવાં પડતા રૂ ૩.૫૦ લાખ ૧ મહિનામાં ચૂકવી આપવા આદેશ કરેલો હતો જો આરોપી આ રકમ નો ચૂકવે તો વધુ ત્રણ મહિનાની સજાની જોગવાઇ કરવામાં આવી હતી. આ કેસમાં ફરિયાદી વતી વકીલ રણજીત બી મકવાણા, જીજ્ઞેશ એમ સભાડ, કેવીન એમ. ભડેરી રોકાયેલા હતા.


# વાવડી ઈન્ડસ્ટ્રીઝ એરિયાના ત્રણ કારખાનામાં ભીષણ આગ લાગી

## લાખોનો માલ સામાન બળીને ખાખઃ ૧૨ ફાયર ફાઈટર સાથે સ્ટાફે છ કલાક જહેમત ઉઠાવી આગ પર કાબુ મેળવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાવડી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં આવેલા કાલીદી ક્રિએશન નામના કારખાનામાં ગઈકાલે વહેલી સવારના આ ભભૂકી હતી અને આ આગ તેની બાજુમાં આવેલા અન્ય બે કારખાનાઓમાં પણ પ્રસરી હતી. થોડીવારમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી દીધું હતું. જેથી ૧૨ ફાયર ફાઈટરની મદદથી છ કલાક ભારે જેહમત ઉઠાવી આગ પર કાબુ મેળવ્યો હતો. અને આગમાં લાખોનું નુકશાન થયાનું જાણવા મળ્યું હતું.





આ અંગેની વિગત મુજબ વાવડી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ભાઈચંદ ઈન્ડસ્ટ્રીઝ એરિયા પાસે પ્રાંત કાસ્ટિંગની બાજુમાં આવેલા કાલિન્દી ક્રિએશન નામના કારખાનામાં આગ લાગી હોવાની ઘટના બનતા કનક રોડ, કોઠારીયા રોડ, મવડી રોડ સહિતના કાયર સ્ટેશનમાંથી કાયર બ્રિગેડની ટીમ દોડી ગઈ હતી એન કાલિન્દી ક્રિએશન નામના કારખાનામાં લાગેલી આગ બાજુમાં આવેલા જય મેટલ્સ બિલ્ડીંગમાં આવેલા સલેક્સ ટેકનોલોજી નામના કારખાનામાં પણ આગ પ્રસરી હોય બંને કારખાનામાં આગ લાગ્યા બાદ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું જેથી ૧૨ ફાયર ફાઈટરની મદદથી આગ બુજાવવાની કામગીરી કરી હતી, અને સતત છ કલાક પાણીનો મારો ચલાવી આ વિકરાળ આગ પર કાબુમાં મેળવવામાં આવ્યો હતો.કાલિન્દી ક્રિએશન કારખાનાના માલિક રિતેશભાઈ કિશોરભાઈ દેપાણી દ્વારા જણાવવામાં આવ્યું હતું.આ આગની ઘટનામાં રો મટીરીયલ્સ ઉપરાંત કોમ્પ્યુટર, પ્રિન્ટર, પંખા સહિતનો સામાન સળગી ગયો જેથી લાખોનું નુકશાન થયું છે. સદભાગ્ય આગની આ ઘટના વહેલી સવારે બની હોય જેથી જાનહાની થવા પામી ન હતી.

# જામનગર રોડ પર સાંઢીયા પુલના ગડરમાં મીની બસ ફસાઈઃ ટ્રાફિકજામ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર સાંઢીયાપુલે ગડરમાં મીની બસ ફસાતા ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. ઉલ્લેખનીય છેકે, જામનગર રોડ પરના સાંઢીયાપુલ ભારે વાહનોની અવર જવર સહન કરી શકે તેવી ક્ષમતાનો ન રહેતા તેના પરથી ભારે વાહનોના પ્રવેશને અટકાવવા લોખંડના ગડર ફિટ કરાયા છે. આજે સવારે ૯ વાગ્યા આસપાસ આ ગડરમાં એક મીની બસ ફસાઈ ગઈ હતી. ઘણા પ્રયત્ન પછી પણ બસ નિકળી શકી નહોતી જેથી અંતે બસની



હવા કાઢી નાખવા નિર્ણય લેવાયો હતો.

બધા ટાયરમાંથી હવા નીકળી જતા બસ ગડર નીચેથી પસાર થઈ ગઈ હતી. જોકે સવારે ૯ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી એક કલાક સુધી ક્રાઈમ બ્રાંચની કચેરી સુધી વાહનોની લાઈનો લાગી હતી. આ ટ્રાફિકમાં ખુદ પોલીસના વાહનો પણ ફસાયા હતા.

# ટ્રાફીક પોલીસની વાહન ચેકીંગ ડ્રાઈવઃ અનેક દંડાયા

## રેસકોર્ષ રોડ અને ખોખડદડ પાસે બ્લેક ફિલ્મ, ફેન્સી નંબર પ્લેટ, ઓવર સ્પીડ સામે કાર્યવાહી કરાઈ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટ્રાફિક દ્વારા ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાઓ સામે સ્પેશિયલ ડ્રાઈવ યોજી બ્લેક ફિલ્મ, ફેન્સી નંબર પ્લેટ, ઓવર સ્પીડ, રોંગ સાઈડ વાહન ચલાવવા સહિતના અન્ય ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ સાથે એસીપી જે. બી. ગઢવી અને તેમની ટીમે રેસકોર્સ તેમજ ખોખળદળ નજીક ચેકિંગ કર્યું હતું. ટ્રાફિક પોલીસ દ્વારા શહેરનાં રેસકોર્સ આસપાસના મુખ્યમાર્ગો પર વાહન ચેકીંગ કરવામાં આવ્યું હતું. ટ્રાફિકના નિયમો વિરુધ્ધ વાહનો ચલાવતા વાહનચાલકોને દંડ ફટકારી કાર્યવાહી કરવામાં આવી હતી. ઉપરાંત ખોખળદળ નજીક ચેકિંગમાં ઓવર સ્પીડ, રોંગ સાઈડ વાહન ચલાવવાનાર વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. વાહનોમાં ડાર્ક ફિલ્મ લગાડવી એ મનાઈ હોવા છતાં ઘણા વાહન ચાલકો ખુલ્લેઆમ આ નિયમનો ભંગ કરી રહ્યા છે. ત્યારે આવા વાહન ચાલકોને કાયદાના પાઠ ભણાવવા માટે ટ્રાફિક પોલીસે ઝુંબેશ હાથ ધરી ચેકિંગ કરી ડાર્ક ફિલ્મ વાળી કારનાચાલકો અને અટકાવી તેમની સામે દંડાત્મક કાર્યવાહી કરી હતી. આ દરમિયાન અનેક ફોરવીલ ચાલકો પોલીસ ઝપટે ચડયા હોવાનું સામે આવ્યું છે. લાઈસન્સ વિના વાહન ચલાવતા વિદ્યાર્થીઓ પણ ઝપટે ચડયા હતા.

# જસદણના ભંગડા ગામે વનરાજભાઈ વાળાના સુપુત્રના લગ્ન રજવાડી રસમ સાથે ઉજવાયા

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણઃ** જસદણ તાલુકાના ભંગડા ગામે દરબાર વનરાજભાઈ બહાદુરબાપુ વાળાનાં સુપુત્ર ચી રવિરાજભાઈ નો ભવ્યાતિભવ્ય લગ્ન સમારોહ યોજાયો હતો જેમા સૌરાષ્ટ્ર ગુજરાતની દેહણ જગ્યાનાં પુજ્ય સંતો અને આઈ માતાજીઓ, રાજકીય મહાનુભાવો, નામાંકીત ઉધોગપતિઓ અને નામી કલાકારો અતિ વ્યસ્ત સમયમાં વાળા પરિવારનાં આમંત્રણને માન આપી હાજરી આપી હતી.

બગી અને ઘોડેસવારો સાથે રવિરાજભાઈના લગ્નનુ ફુલેકુ ભંગડાના ગામમા ફર્યુ હતુ જેમા મોટી સંખ્યામા મહેમાનો અને ગ્રામજનો જોડાયા હતા રવિરાજભાઈનું ફૂલેકું જોવા આખું ભંગડા ગામ ભેગું થયું હતું સંતો મહંતો અને મહાનુભાવો રાજકીય આગેવાનો ની હાજરી વચ્ચે રજવાડી રસમ સાથે જાજરમાન લગ્ન સમારોહ યોજાયો હતો.



# મોરબીમાં ત્રણ સ્થળોએ આગ લાગવાના બનાવમાં જીલ્લા ફાયર ટીમની અસરકારક કામગીરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં જુદા જુદા સ્થળોએ આગ લાગવાં ત્રણ બનાવી સામે આવ્યા હતા જેમાં કોલસાના ગોડાઉનમાં જીનીંગ ફેક્ટરીમાં તેમજ ખુલ્લા ઘાસમાં આગ લાગવાના બનાવમાં મોરબી ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસના જવાનો દ્વારા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ બુઝાવી સરાહનીય કામગીરી કરી હતી

મોરબી જીલ્લા ફાયર એન્ડ ઇમરજન્સી વિભાગમાંથી મળતી માહિતી અનુસાર રાત્રીના ૯.૦૧ કલાકે ફાયર કંટ્રોલરૂમમાં કોલ મળેલ કે પીપળીયા ચાર રસ્તા ક્રિસ્ટલ કાર્બન કોલસાનાં કારખાનામાં આગ લાગેલ હતી તથા રાત્રીના ૧૨:૨૮ કલાકે વાંકાનેર ચોટીલા



હાઈવે પર ભારત ઓઇલ મીલ જીનમાં રૂ માં આગ લાગેલ હતી તેમજ ત્રીજા બનાવમાં રાત્રીના ૦૩:૨૫ કલાકે આમરણ અને ફરસર ગામ વચ્ચે ખુલ્લા ઘાસમાં આગ લાગેલ હતી ત્યારે ફાયર વિભાગ ટીમ દ્વારા ઉત્તમ કામગીરી કરી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. ત્યારે તાત્કાલિક અસરકારક કામગીરીની કારણે મોટી દુર્ઘટના સહેજમાં ટળી હતી. જયારે ત્રણેય આગની દુર્ઘટનામાં સદ્નસીબે કોઈ જાનહાની થયેલ નહી તથા ત્રણેય સ્થળોએ લાગેલ આગનું કારણ હજુ જણાયું નથી.

# એચ કે શેઠ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આનંદ મેળાનું સુંદર આયોજન

## વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અર્થે અલગ અલગ સ્ટોલ બનાવ્યાઃ ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધોઃ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા વાલીગણ ખુશખુશાલ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ભક્તિનગર સર્કલ પાસે ૮૦ ફુટ રોડ પર આવેલી કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટ સંચાલિત હીરાલક્ષ્મી કે શેઠ પ્રાથમિક શાળા માં આજે વિદ્યાર્થીઓ દ્વારા આનંદ મેળા નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીગણ તથા ટ્રસ્ટીઓ શિક્ષકો હાજર રહ્યા હતા.

હીરાલક્ષ્મી કે શેઠ પ્રાથમિક શાળા ના ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ ના ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા આનંદ મેળા ૨૦૨૪ નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે માત્ર અભ્યાસ જ નહીં પરંતુ જીવનમાં બાળકો ના સર્વાંગી વિકાસ માટે તેમજ સહ અભ્યાસિક પ્રવૃત્તિ ના ભાગરૂપે આ આનંદ મેળા



નું આયોજન કરવામાં આવ્યું છે બાળકોમાં રહેલી કાર્ય કુશળતા નિહાળવા તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આજે મોટી સંખ્યામાં વાલી ઓ હાજર રહ્યા હતા આ આનંદ મેળામાં વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ સ્ટોલ બનાવવામાં આવ્યા હતા જેમાં જીવન જરૂરી ચીજ વસ્તુઓ તથા અન્ય પ્રવૃત્તિઓનું સુંદર પ્રદર્શન કરવામાં આવ્યું છે આ પ્રસંગે કાંતા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટ ના ટ્રસ્ટી અતુલભાઇ મોદી તથા નેહાબેન ઉપસ્થિત રહ્યા હતા આ આનંદ મેળાને સફળ બનાવવા વિદ્યાર્થીઓ તથા સ્કૂલના પ્રિન્સિપલ ભાવિકાબેન દેવડા તથા સાધનાબેન મોડસીયા અને અન્ય શિક્ષકો દ્વારા જહેમત ઉઠાવી આયોજનને સફળ બનાવ્યું હતું

# ત્રિશુલ ચોક પાસે કાર ચાલકે પ્રૌઢને ઠોકરે ચડાવતા મોત

## યુવતીને હડફેટે લેતા ગંભીર ઈજાઃ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદઃ પ્રૌઢ ૧૫ ફૂટ સુધી ઢસડાયા








(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભક્તિનગર સર્કલ પાસે આવેલા સહકાર મેઈન રોડ ઉપર સવારે કારચાલક યુવાને કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો. મોર્નિંગ વોકમાં નીકળેલા આધેડને ઠોકરે ચડાવતા ૧૫ ફૂટ સુધી ઢસડયા અને સારવારમાં મોત નિપજયું હતું. ત્યારબાદ દુકાનના પગથિયે બેસેલી યુવતીને હડફેટે લઈ કાર દુકાન સાથે અથડાઈ હતી. આ શ્વાસ થંભાવી દેતા ગંભીર અકસ્માતના સીસીટીવી સામે આવ્યા છે. અકસ્માત બાદ કારચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતો. પોલીસે ફરાર કારચાલક યુવકની શોધખોળ હાથ ધરી છે. આ ઘટનામાં આધેડને ગંભીર ઈજા પહોંચતાં કરૂણ મોત નિપજયું હતું, જયારે યુવતીને સદનસીબે સામાન્ય ઈજાઓ થઈ છે.

આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ શહેરના ભક્તિનગર સર્કલ પાસે આવેલા સહકાર મેઈન રોડ ઉપર ત્રિશુલ ચોક પાસે કારચાલક (GJ 03 MH 4905) યુવાન પૂરપાટ ઝડપે કાર ચલાવી રહ્યો હતો. જે દરમિયાન કારચાલક યુવાન ડાબી તરફથી અચાનક કારનું સ્ટીયરિંગ જમણી તરફ ફેરવી નાખે છે. જેને લીધે મોર્નિંગ વોકમાં નીકળેલા ૫૦ વર્ષીય નલીનભાઈ નરોતમભાઈ સિધ્ધપુરા હડફેટે ચડી જાય છે અને લગભગ ૧૫ ફૂટ સુધી ઢસડાય છે. વૃદ્ધનું સારવાર દરમિયાન મૃત્યુ થયુ હતું. જયારે ચોકમાં દુકાન પાસે બેસેલી ૧૮ વર્ષીય વિદ્યાર્થિની કુમકુમ મહેશભાઈ કાનાણીને પણ કારચાલક હડફેટે લે છે. યુવતીને ઈજા પહોંચાડી આ કાર દુકાન સાથે ધડાકા સાથે અથડાય છે.

આ ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે, જે શ્વાસ થંભાવી દે તેવા છે. જેમાં જોઈ શકાય છે કે, પૂરઝડપે આવતી કાર અચાનક કાર ડાબી તરફ વળે છે અને રોડની સાઈડમાં પાર્ક કરેલી એક્ટિવાને હડફેટે લઈ રોડ પરથી પસાર થતા આધેડને ઉડાવે છે. જે બાદ કાર રોકાવાને બદલે આગળ વધી દુકાનના પગથિયે બેસેલી ૩ યુવતી તરફ જાય છે. જેમાં બે યુવતી ઝડપથી ખચી જતા એક યુવતી કારની ઝપેટમાં આવી જાય છે, જે કાર અને દુકાનના શટર વચ્ચે દબાઈ જાય છે. જોકે, કાર યુવતીને હડફેટે લીધા બાદ તુરંત પાછળ ધસી જાય છે. આ અકસ્માત બાદ કારચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ જાય છે.

આ ઘટના અંગે દુકાનદાર કૌશિક ખુંટે જણાવ્યું હતું કે, આજે સવારે ૭.૩૦ વાગ્યે દુકાન ખોલતો હતો, ત્યારે સહકાર મેઈન રોડ ઉપર એક કારચાલક પૂરપાટ ઝડપે આવતો હતો. સામેની તરફ પાર્ક કરેલા એક્ટિવાને હડફેટે લઈ કાર ડાબેથી જમણી તરફ વળી ગઈ હતી, જેને લીધે મોર્નિંગ વોકમાં નીકળેલા આધેડ ૧૫ ફૂટ સુધી ઢસડાયા હતા. તેને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી, જેથી તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. આ દરમિયાન આ કારચાલકે દુકાન પાસે બેસેલી યુવતીને પણ હડફેટે લીધી હતી અને ઈજા પહોંચાડી હતી.

બનાવની જાણ થતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને કાર કબજે કરી હતી. જોકે, આ સમયે કારચાલક યુવાન હાજર ન હોવાથી તેને ઝડપી લેવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે આ ઘટનાના સીસીટીવી પણ કબજે કર્યા છે, જેમાં કારચાલક યુવાન પૂરપાટ ઝડપે આવી આધેડ અને વિદ્યાર્થિનીને હડફેટે લેતો હોવાનું દેખાઈ રહ્યું છે. જેથી પોલીસે કારચાલક યુવાનને ઝડપી લેવા માટે કાર્યવાહી હાથ ધરી છે. દરમિયાન હાલ ગંભીર રીતે ઇજાગ્રસ્ત સાથે સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં દાખલ છે.

# કરિયાણાના વેપારીને વ્યાજખોર દંપતિએ ગોંધી રાખી આપી ધમકી

## ધંધામાં નાણાંની જરૂરિયાત ઉભી થતા વેપારીએ રૂા.૭ લાખ લીધા હતાઃ દંપતિએ ૧૨ લાખના ચેક લખાવી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રૈયારોડ પર રહેતા અને પરાબજારમાં કરીયાણાનો વેપાર કરતા યુવાનને ગોંધી રાખી પઢાણી ઉધરાણી કરી તને અને તારા પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપી રૂપીયા ૭ લાખનું ભારે વ્યાજ લઈ ૧૨ લાખના ચેક લખાવી ચેક રિર્ટનની ફરીયાદ કર્યાનુ જણાવતા યુનિવર્સિટી પોલીસે વ્યાજખોર દંપતિ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ રૈયારોડ પર રામેશ્વર પાર્કમાં રહેતા અને પરાબજારમાં ગોળપીઠમાં ભગવાનજી કાલીદાસ એન્ડ સન્સ નામે વેપાર કરતા હેમાંગભાઈ પ્રકાશભાઈ કકકડ એ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે જગદીશ ધીરજલાલ પલાણ અને તેની પત્ની સુમીતાના નામો આપ્યા હતા ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તે અગાઉ જલારામ-૪ માં રૂષીકેશ એપાર્ટમેન્ટમાં પરીવાર સાથે રહેતા હતા સાતેક વર્ષ પહેલા તેના મિત્ર પરાગભાઈ મારફતે જગદીશ પલાણ સાથે પરીચય થયો હતો એકાદ વર્ષ પહેલા ધંધામાં પૈસાની જરૂર પડતા તેને વાત કરી હતી જેમા જગદીશએ રૂ.૬ લાખ ૧૨ ટકા વ્યાજે આપ્યા હતા અને દર મહીને વ્યાજ તેની પત્નિ સુમીતાને આપતો હોય ત્યાર બાદ વધુ પૈસાની જરૂર પડતા રૂ. બે લાખ લીધા હતા અને કુલ રૂ.૬ લાખ જેટલુ વ્યાજ પણ ચુકવી દિધુ હોય ગત.તા. ૫-૧૧-૨૦૨૩ના રોજ તેને બોલાવતા જગદીશની ઘેર ગયો હતો ત્યારે બન્ને પતિ-પત્નીએ અમારા પૈસા પાછા આપી દે તારો છોકરો કઈ શાળામાં અભ્યાસ કરે છે તે અમને જાણ છે. અને તારા પરીવારને પણ જાણથી મારી નાખશુ કહી તેની પાસેથી ચેક મંગાવી રૂ. ૧૨ લાખના ચેક બળજબરીથી લખાવી બે કલાક સુધી ગોંધી રાખી પોલીસમાં ફરીયાદ કરીશ તો તને મારી નાખશુ કહી ધમકાવી ચેક રિર્ટન કરાવી ફરીયાદ કરી હેરાન કરતા હોવાનુ જણાવતા જમાદાર વિજયભાઈ બાલસ સહીતના સ્ટાફે ગુનો નોંધી આરોપીને પકડી લેવા મથામણ કરી હતી.

# મોકાજી સર્કલ પાસે વિદેશી દારૂ ભરેલી કાર અને ઓમ નગર પાસે દારૂ સાથે બે ઝડપાયા

## મોબાઈલ અને ઈલેક્ટ્રીક બેટરી ચોરી કરનાર તસ્કરની ધરપકડઃ સામા કાંઠાનો નામચીન બુટલેગર દિલીપ ચંદારાણા પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના મોકાજી સર્કલ થી જગન્નાથ મંદિર તરફના રસ્તે વિદેશી દારૂ ભરેલી કાર સાથે ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે બુટલેગરની ધરપકડ કરી છે જ્યારે અન્ય બનાવવામાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ચુના ઓમ નગર પાસે વિદેશી દારૂના ચપલા સાથે એક શખ્સને દબોચી લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.







અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઇ એમ આર ગોંડલીયા ની સુચનાથી પીએસઆઇ ડીસી સાકરીયા એસઆઈ રણજીતસિંહ હેડ કોન્સ્ટેબલ વિજયરાજ સિંહ તથા સંજયભાઈ દાફડા સહિતનો સ્ટાફ મુકાજી સર્કલ પાસે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન એક શખ્સ કાર લઇ શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેનો પીછો કરતા આ સક્ષ કાર રેડી મૂકી નાસી ગયો હતો પોલીસે કારની તલાસી લેતા અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૪૩ બોટલ કિંમત રૂ૧.૮૫ લાખ નો મુદ્દામાલ કબજે કરી નાસી ગયેલો રાજકોટ મા રહેતો ધર્મેશ ઉર્ફે લાલો કમો ભોજાણી નમના બુટલેગરની શોધખોળ શરૂ કરી છે જ્યારે અન્ય એક બનાવવામાં ક્રાઈમ બ્રાન્ચ ના હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ સોનારા મહેશભાઈ ચાવડા તથા હરપાલસિંહ સહિતનો સ્ટાફ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઓમ નગર પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વિના આધારે પિત્રોડા કર નામની દુકાન સામે ની દુકાનમાં ગરોડો ઉપાડતા વિદેશી દારૂની ચપલા નંગ ૬૫૦ કિંમત રૂપિયા ૬૫૦૦૦ નો મુદ્દામાલ મળી આવતા દુકાનદાર અતુલ ગોરધન વેકરીયા રહે રવિ પાર્ક પ્રેમ મંદિર પાછળ કાલાવડ રોડ નામના શક્ષની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે અન્ય એક બનાવમાં ક્રાઈમ બ્રાન્ચના કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડા તથા હરપાલસિંહ તથા જનકસિંહ સહિત નો સ્ટાફ સામા કાંઠે ચુનારાવાડ ચોક પાસે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન વિજય રાયધન સોલંકી નામનો શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને દબોચી લઈ તેની પાસેથી મોબાઇલ અને બેટરી સહિત કુલ રૂપિયા ૮૦૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે જ્યારે વિદેશી દારૂના ગુનામાં નાસ્તો કરતો નામચીન બુટલેગર દિલીપ કરસન ચંદારાણા ને પકડવાનો બાકી હોય ત્યારે ડીસીપી ઝોન વન એલસીબી ટીમના પી.એસ.આઇ બીવી બોરીસાગર સહિતના સ્ટાફે બાદમીના આધારે સામા કાંઠેથી ઝડપી લઇ તેના ભાષાના કાગડો તૈયાર કરી સંત કબીર રોડ પર રહેતો દિલીપ કરસનદાસ ચંદારાણા નામના બુટલેગરને ભાષામાં વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે

# ગોંડલના જામવાડી પાસે બાયો ડીઝલના ગોડાઉનમાં ભીષણ આગ

## ચાર ફાયર ફાઈટર સાથે ફાયર બ્રિગેડના સ્ટાફે દોડી જઈ પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી





**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

ગોંડલના જામવાડી અને ચોરડી ગામની વચ્ચે આવેલ સોમનાથ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં આવેલ શિવ શક્તિ ટ્રેડર્સ નામના બાયો ડીઝલ ના ગોડાઉનમાં ગત મોડી રાત્રે આગ લાગવાની ઘટના સામે આવી હતી. જેમાં ગોડાઉનમાં પડેલ ડીઝલ ભરેલ ટેન્કરમાં આગ લાગતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગ લાગવાની જાણ ગોંડલ ફાયર સ્ટેશનમાં કરતા ગોંડલ નગરપાલિકાના ૨ ફાયર, જેતપુર ૧ ફાયર અને રાજકોટનું ૧ ફાયર ઘટના સ્થળે આવી પોહચ્યું હતું અને ફાયર ફાઈટરો દ્વારા આગ પર પાણીનો મારો ચલાવી કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આગની ઘટનામાં લાખો રૂપિયાનું નુકસાન થવા પામ્યું છે. ગોંડલ તાલુકા પોલીસ ઘટના સ્થળે પોહચીને વધુ તપાસ હાથ ધરી હતી આગ લાગવાનું કારણ અંક બંધ છે.



જામવાડી નજીક આવેલ બાયો ડીઝલના ગોડાઉનમાં આગ લાગવાની ઘટનાને લઈને ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા, નગરપાલિકા ઉપપ્રમુખના પ્રતિનિધિ જયંતીભાઈ સાટોડિયા, વાહન શાખાના ચેરમેન રફીકભાઈ કેડા સહિતના ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગના બનાવને પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા.

# શાપર-વેરાવળના પાંચ કારખાનામાં ચડ્ડી બનિયાનધારી ગેંગ ત્રાટકીઃ રૂા.૧.૮ લાખની ચોરી

## સીસીટીવી કેમેરામાં બે શખ્સો કેદઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપરમાં પાંચ કારખાનાને નિશાન બનાવી ચડ્ડી બનીયનધારી ગેંગના ચાર શખ્સોએ એક કારખાનમાંથી રૂ.૧.૮૦ લાખની રોકડની ચોરી કરી નાસી છૂટયા હતાં. ચોરીની ઘટના સીસીટીવી કેદ થઈ હતી. પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોની શોધખોળ હાથ ધરી હતી.

બનાવ અંગે રાજકોટમાં યુનિવર્સિટી રોડ પર ફોરેન્સિક લેબોરેટરી પાછળ કર્મચારી સોસાયટીમાં રહેતાં સજી પરવારકાથ મેથ્યુ (ઉ.વ.૫૪) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ શાપરમાં ઉર્જા ઇન્ડસ્ટ્રીઝ પાર્કમાં સર્વે નં. ૩૬/૧, પ્લોટ નં. ૫૩ માં આશી એન્જીનીયરીંગ વર્કસ નામનું કારખાનુ ચલાવે છે. જ્યા તે તેમના પુત્ર સાથે ફાયર સેફ્ટીના વાલ્વ બનાવી વૈપાર કરે છે. યુનિટમાં ૧૪ માણસો કામ કરે છે. ગઇ તા. ૨૭/૦૨ ના તેઓ સાંજના કારખાનેથી ઘરે આવ્યાં બાદ તેનો પુત્ર પણ રાત્રે ઘરે આવતો રહેલ હતો. કારખાનામાં ઓફીસના લોકરમાં રૂ.૧.૮૦ લાખ રોકડા રાખેલ હતા. રાત્રીના સમયે કારખાનામાં કામ કરતો મજુર પિયુષ સેવરા કારખાનાને લોક કરી દિધુ હતુ. સવારે નવેક વાગ્યાની આસપાસ કારખાનામાં કામ કરનાર મજૂરનો ફોન આવેલ કે, કારખાનામાં રાત્રીના સમયે ચોરી થયેલ છે, તેમ વાત કરતાં તેઓ પિતા-પુત્ર કારખાને આવેલ અને જોયેલ તો કારખાનાની ઓફીસનો મેઇન ડોરનો લોક તોડેલ જોવામાં આવેલ અને ઓફીસમાં કાગળો તથા ફાઈલો વેરવિખેર પડેલ હતાં. ઓફીસનુ લોકર તુટેલ હાલતમાં નીચે કમ્પાઉન્ડમાં પડેલ હતું. તેમજ તેમાં રાખેલ રોકડા રૂ. ૧.૮૦ લાખ જોવામાં આવેલ નહી અને કોઈ અજાણ્યો શખ્સ કારખાનામાં ઘુસી ચોરી કરી ગયાનું સામે આવ્યું હતું. ઉપરાંત તેઓના કારખાનાના આજુ-બાજુના કારખાના સ્ટીલટેક ઇન્ડસ્ટ્રીઝ, જયકેમ. કારખાનુ, ગોકુલ ફીઝ અને દુધેશ્વર એન્જીનીયરીંગ કારખાનામાં પણ ચોરીનો થયાનું સામે આવ્યું હતું. બનાવ અંગેની, શાપર, પોલીસ મથકના પી.એસ.આઇ,જી,બી, જાડેજા અને સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા ફરિયાદ પરથી શાપર પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે ચડ્ડી બનીયનધારી ગેંગની શોધખોળ હાથ ધરી હતી.

# જૂનાગઢ બાયપાસ રોડ પર ટ્રક ઝાડ સાથે અથડાતા આગ લાગીઃ ડ્રાઈવરનું મોત

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ નજીક મધુરમ બાયપાસ પરથી પસાર થતો કોલસા ભરેલો એક ટ્રક અચાનક અકસ્માતે ઝાડ સાથે ટકરાયા પછી આગ લાગી હતી, જે આગમાં આખો ટ્રક સળગી ઉઠતા તેમાં કેબિનમાં બેઠેલ ડ્રાઈવર સળગીને ભડથું થયો હતો.



કોલસા ભરેલો એક ટ્રક જૂનાગઢના મધુરમ બાયપાસ પરથી સવારે પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક ચાલક ઉદારામ ચૌધરી (રાજસ્થાન) એ ટ્રક પરનો કાબુ ગુમાવતા ટ્રક સીધો ઝાડ સાથે ટકરાઈને પલટી મારી ગયેલ હતો, જે અકસ્માતમાં ટ્રકની ડીઝલ ટેંક લીકિજ થતા આગ લાગી હતી, અને આખોટ્રક સળગીને ખાક થયેલ હતો, જેમાં ડ્રાઈવરનુ ઘટના સ્થળે જ ભડથું થવાથી મોત થયું હતું, આગને લઈને જૂનાગઢ ફાયર બિગ્રેડની ટીમે આવીને આગ ઓલવી હતી.

# ગોંડલના ગુંદાળા ગામ પાસે બાઈક સ્લીપ થતા યુવાનનું કરૂણ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના ગુંદાળા પાસે બાઈક સ્લીપ થતા યુવકનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. બનાવની પ્રાપ્ત વિગત મુજબ મૂળ એમ.પી.ને અને ગોંડલના ચરખડી ગામે રહી છૂટક મજૂરી કામ કરતો હંસીરામ રાહુલ ભીલાણી (ઉ.વ.૩૫) નામનો યુવક ગત તા.૨૧ના મોટરસાઇકલ લઈ ગોંડલ આંટો મારવા ગયો હતો ત્યાંથી પરત ફરતી વખતે રાત્રીના નવેક વાગ્યે ગુંદાળા અને પાટીદડ વચ્ચે બાઈક સ્લીપ થઈ જતા માથા અને શરીરના ભાગે ઈજા થવાથી સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો. સારવાર દરમિયાન તેનું મોત નિપજતા બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી છે. યુવાનના મોતથી પાંચ સંતાનોએ પિતાનું છત્રછાયા ગુમાવતા પરિવારમાં અરેરાટી વ્યાપી છે.

# વાવડીમાં સુચિત સોસાયટી બનાવી ચાર પ્લોટ વેચી દીધાઃ ત્રણ સામે નોંધાઈ ફરિયાદ

## સોસાયટીના કૌભાંડ અંગે પોલીસ કમિશનરને રજુઆત કરતા કાર્યવાહી હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાવડી ગામની સીમમાં આવેલ સર્વે નં ૫૮ તથા ૫૯ વાળી સૂચિત જમીનનો ત્રણ શખ્સોએ સાટાખત કરી તે જમીનમાં શ્રી ન્યુ બાલાજી કો. ઓ.હા.સો. નામની સૂચિત સોસાયટી ઊભી કરી તે પ્લોટ ચાર લોકોને વેચી જમીન અન્યને વેચી વિશ્વાસઘાત કરતાં તાલુકા પોલીસ ત્રણ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ પેડક રોડ પર રહેતા ચકુભાઈ રામજીભાઈ નાથાણી ઉ.વ ૮૦ એ નોંધાવેલી ફરિયાદમાં આરોપીઓમાં પડધરીના રણછોડભાઈ પ્રેમજીભાઈ વેજપરા, રાજકોટ રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતા લખમણભાઈ ચનાભાઈ ટારીયા અને સિલ્વર નેસ્ટ સોસાયટીમાં રહેતા દેવજીભાઈ નાગજીભાઈ કીયાડાના નામો આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૯૬માં આરોપીઓએ વાવડી ગામની સીમમાં આવેલ સર્વે નં ૫૮ તથા ૫૯ વાળી જમીન તેના મુળ માલીક બુધ્ધીધનભાઈ મોહનભાઈ ઝવેરી પાસેથી નોટરાઈઝ સાટાખત કરી ખરીદ કરી તે જમીનનો વેચાણ દસ્તાવેજ કર્યા વગર કે જમીન બીનખેતી કર્યા વગર શ્રી ન્યુ બાલાજી કો. ઓ.હા.સો.(સુચિત)વાવડી નામથી સોસાયટી બનાવી હતી અને તેમ પ્લોટો પાડીને ફરિયાદી ચકુભાઈ સહિત ચાર લોકોને વહેચી દીધી હતી. અને પ્લોટોના પ્રમાણપત્ર તથા પૈસા સ્વીકાર્યા અંગેની પહોંચ આપી હતી. પરંતુ આરોપીઓએ આ જમીન માત્ર સાટાખત કરી લીધેલી હતી અને દસ્તાવેજ પણ કરાવ્યો ન હતો જેથી આ મામલે ફરિયાદી તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, દેવજીભાઈ નાગજીભાઈ કિયાડાએ આ જમીનનો સાટાખત કરી જમીન અન્યને વેચી દીધી છે, જેથી બે માસ પૂર્વે ફરિયાદી અને તેની સાથે અન્ય ત્રણ લોકો દ્વારા પોલીસ કમિશનરને આ મામલે તપાસ કરી કાનૂની કાર્યવાહી કરવા આવેદન આપવામાં આવ્યું હતું જે મામલે તાલુકા પોલીસ તપાસ કરી ગુનો નોંધ્યો છે. અને આ મામલે વધુ તપાસ પીએસઆઈ પી.બી. ત્રાજીયાને સોંપવામાં આવી છે.

# દુષ્કર્મ, એટ્રોસીટીના કેસમાં આરોપીની જામીન અરજી કોર્ટે ફગાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સેશન્સ કોર્ટેએ એટ્રોસિટી તેમજ દુષ્કર્મના કેસની મુદ્દતમાં હાજર ન રહેતા આરોપી સામે વોરંટ ઈસ્યુ કર્યું હતું. જેમાં જેલ હવાલે રહેલા નરેન્દ્રસિંહ મકવાણાએ જામીન અરજી મૂકતા કોર્ટએ ફગાવી હતી.



આ કેસની વિગત મુજબ આરોપી નન્દ્રસિંહ રામસિહ મુકવાણા પર સેશન્સ કોર્ટમાં દુષ્કર્મ તેમજ એટ્રોસિટીનો કેસ ચાલે છે. જેમાં આરોપી કોર્ટ મુદ્દત પર હજાર ન રહેતા તેની સામે વોરંટ ઇસ્યુ કરવામાં આવ્યું હતુ.જેથી પોલીસે આરોપીને પકડીને જેલ હવાલે કર્યો હતો.

આરોપીએ પોતાના વકીલ મારફત કોર્ટમાં જામીન અરજી કરી હતી.જેમાં સરકાર તરફે રહેલા વકીલ અરજીનો વિરોધ કરી કોર્ટમાં રજુઆત કરી હતી કે આરોપી વિરુદ્ધ થયેલા કેસમાં તે કોર્ટની મુદ્દત વખતે કોર્ટમાં હાજર ન રહેતો હોવાથી આ કેસ ચાલવામાં વિલંબ થાય છે.તેમજ તેને જામીન આપવામાં આવશે તો તે મુદ્દતે હાજર રહેશે નહીં. વકીલની દુલિલો તેમજ રજૂઆતોને ધ્યાને લઈને સેશન્સ કોર્ટના ન્યાયધીશ જે. ડી. સુથારે આરોપીની જામીન અરજી રદ કરી હતી. આ કેસમાં સરકાર તરફે વકીલ મુકેશ પીપળીયા રોકાયેલા હતા.